


# સુપ્રભાતમ્
સુરેશ પ્રા. ભટ્ટ




એનાં પગલાં પડે ને સંબંધોમાં ફાટ પડે છે,
એને સાથ આપનારા સદાય ચાટ પડે છે,
દાટ વળે છે એકતાનો હોય ઘર કે પક્ષમાં -
સ્વાર્થ સાધી લે પછી સદા મૈત્રીને કાટ ચડે છે..
(જયાં જાય ઉકો ત્યાં સમૂદ્ર સૂકો - કચ્છી કહેવત)




જુલ્મો જોઇને
સ્થંભ ફાડીને જન્મ્યો -
ત્રીજો મોરચો!
(નર-સિંહ અવતાર)

થઇ ગયાં 'પીળા'
ઝંખવાયું ગૌરવ -
શ્રી 'લાલ'- કૃષ્ણ!!
(કમળ ને કમળો)

## ચિંતન

બુભુક્ષિતૈ વ્યાકરણંન ભુજયતે ।
પિપાસિતૈઃ કાવ્યરસો ન પીયતે ॥

'ભૂખ્યાજન-દુખી-લોકોને વ્યાકરણ-નું જ્ઞાનથી કંઇ પેટ ભરાતું નથી. એટલે કે ઉપયોગી થતું નથી એવી જ રીતે જે તરસ્યો છે એની તરસ કંઇ કાવ્યનો રસ પી ને તરસ છીપાવી શકાતી નથી.'

(અર્થાત સાહિત્ય અને કલાઓ મનની પ્રસન્નતા અને શોખ માટે બરાબર છે પણ એ સારા સુખનાં દિવસોમાં આનંદ આપે છે પણ 'પેટ ભરવા' રોજીરોટીમાં કંઇ સહાય ભૂત થઇ શકે નહીં.)

સુખમાં સાંભળે સોની ને દુખમાં રામ, માણસ સુખનાં દિવસોમાં પણ ઇશ્વરનું સ્મરણ કરે તો દુઃખ આવે જ શા માટે?

સુખ-સાહ્યબી-એશઆરામમાં માણસ ભૌતિક સુખ પાછળ એવો ભૂતની જેમ પાછળ પડી જાય છે કે આંખો મીંચી સોના-ચાંદી-હીરા-માણેક ખરીદે છે પણ એમાં સાચું સુખ નથી અંબાણી ભાઇઓ ને 'સુરક્ષા' માગવી પડે છે!

સાચું સુખ સંતોષમાં છે - લલિતકળાઓ - મોજશોખથી ગરીબીમાં ગરીબનું પેટ ભરાતું નથી. પેટ માટે જરૂરી છે પરિશ્રમ-કવિતા-વ્યાકરણ કંઇ કામ આવતાં નથી.

## સુવિચાર

- નવયુવકો માટે મારો સંદેશ ત્રણ શબ્દોમાં છે : પરિશ્રમ, પરિશ્રમ અને પરિશ્રમ - **બિસ્માર્ક**
- યુવાવસ્થા અત્યંત સુંદર છે, સંદેહ નથી પરંતુ જયાં જીવનની ગહનતાની શોધ થાય છે ત્યાં યૌવનનું કોઇ મૂલ્ય રહેતું નથી - **ડીસ્ટાએવ્સકી**
- યૌવન, સુંદરતા અને ઐશ્વર્ય એ ત્રણેમાંથી પ્રત્યેકમાં મનુષ્યને મદાંધ બનાવવાની શક્તિ છે - **કાલિદાસ**
- જયારે વિચાર વાણીનું રૂપ લે છે અને વાણી સત્ય થઇ જાય છે આ યુવાવસ્થા છે - **વોલ્ટર સ્વેંટ**
- યુવાવસ્થા મોહક છે. તેની મિત્રતા મૂલ્યવાન છે. તેનો સંપર્ક વૃદ્ધાવસ્થાને જીર્ણ અને જડ જીવનથી પવિત્ર કરનારી મુક્તિ છે - **એન.પી.વિલિસ**
- યૌવન કંઇક નીવડવાનો અને કોઇક ઉચ્ચ સ્થાને પહોંચવાનો એક માત્ર અવસર છે - **ટી.ટી.માનગર**

## બોધ કથા

આપણે મોગલવંશ અને અંગ્રેજોનો ઇતિહાસ રાજાઓનાં સ્વભાવ-ચરિત્ર-બહાદુરી-છળ-કપટ ઉદારતા ન્યાય વિશે વાંચીએ છીએ પણ તટસ્થ અને નિર્લેપ રહી વાંચી જઇએ છીએ- - ઇતિહાસ વાસ્તવમાં તો એક બોધકથા જ છે. જાણીતા ઇતિહાસકાર ચાર્લ્સ બીઆર્ડને કોઇએ પૂછ્યું ઇતિહાસમાંથી આપણને શું અને કેવી રીતે બોધપાઠ મળે?

ચાર્લ્સ બી આર્ડ કહ્યું - ઇતિહાસ આપણને બોધપાઠ આપે છે કે ભગવાન જેનો નાશ કરવા ધારે છે એને પ્રથમ ગૂમાનથી ગાંડો બનાવી નાખે છે, અભિમાનમાં જ એનો અંત સમાયેલો છે.

બીજું ઇશ્વરની ચક્કી ધીમું પીસે છે પણ ખૂબ ઝીણું પીસે છે.

ત્રીજું, મધમાખી જે ફૂલોને લૂંટી જાય છે તે ફૂલોને જ તેને કારણે જ ફલિત થવાની તક પણ આપતી જાય છે. અને ચોથું જયારે ગાઢ અંધકાર છવાઇ જાય ત્યારે આકાશમાં ટમટમતા તારલા પ્રકાશિત થઇ દેખાવા લાગે છે.

E-mail : sureshchandrabhatt18@gmail.com

# માતૃભાષા ગુજરાતીનું ગૌરવ વધારે તે માટે - ખાસ કરીને કૉલેજના વિદ્યાર્થીઓ રસ લેતા થાય તે સારૂં; કૉલેજોના પ્રિન્સીપાલને મળીને, કાવ્ય-વાર્તા-નાટક વગેરે સાહિત્યિક પ્રકારો અંગે વ્યક્તવ્ય/સંવાદ/પ્રશ્નોત્તરી વિગેરે ગોઠવવાનું નક્કી કરવામાં આવ્યું

## સર્જકો અને ભાવકો વચ્ચેનો સેતુ 'શબ્દ સેતુ'

સંપાદકો : નટવર હેડાઉ / મૂળજીભાઇ પરમાર 'દધિ'

**સમાચાર સેતુ**

ગાંધીનગર સાહિત્ય સભાની રાબેતા મુજબ દર માસના બીજા રવિવારે અચૂક મળતી સભા તા. ૯-૬-૧૩ના રોજ બળબળતી લૂ ભર્યા વાતાવરણના માહોલમાં પણ; સેકટર-૨૧ ખાતેના નમન એપાર્ટમેન્ટમાં - સિનિયર સિટીઝન કાઉન્સીલના સદ્‌ભાવથી, તેઓના કાર્યાલયમાં, પ્રમુખ દોલતભાઇ ભટ્ટના અધ્યક્ષપણા હેઠળ સંપન્ન થઇ.

શબદની સંગિની મા સરસ્વતીની સ્તુતિ વંદનાથી સભાનું મંગલાચરણ કર્યા બાદ, અધ્યક્ષએ તેમની લાગણીસભર સ્નેહ નીતરતી વાણીમાં સર્વેનું ઉષ્માભર્યું સ્વાગત કરી, જૂન સહ, શુભેચ્છાનાં પુષ્પો અર્પણ કર્યા.

સાહિત્યથી વિમુખ થતી જતી આધુનિક પેઢીમાં સાહિત્યપ્રત્યે રૂચિ પેદા કરવા અને સાહિત્યના પ્રવાહમાં જોડાઇને માતૃભાષા ગુજરાતીનું ગૌરવ વધારે તે માટે - ખાસ કરીને કૉલેજના વિદ્યાર્થીઓ રસ લેતા થાય તે સારૂં; કૉલેજોના પ્રિન્સીપાલને મળીને, કાવ્ય-વાર્તા-નાટક વગેરે સાહિત્યિક પ્રકારો અંગે વ્યક્તવ્ય/સંવાદ/પ્રશ્નોત્તરી વિગેરે ગોઠવવાનું નક્કી કરવામાં આવ્યું.

સ્વ. આત્મારામ પટેલ અને શ્રીમતી રેવાબેન વ્યાખ્યાન માટે તેઓનાં સુપુત્રી અને સાહિત્યકાર પ્રજ્ઞાબેન પટેલ દ્વારા રૂપિતા ત્રીસ હજારનું દાન આપવાની જાહેરાત કરવામાં આવેલ, જૈને સર્વેએ સહર્ષ વધાવી લઇ, આભાર વ્યક્ત કર્યો.

ત્યારબાદ સર્વશ્રી મહેન્દ્રભાઇ પુરોહિત, ઈશ્વરલાલ દેવશંકર, રમણલાલ શ્રીમાળી, ભીખુ કવિ, મૂળજીભાઇ પરમાર 'દધિ', બાબુદાન ગઢવી અને રવિ પટેલ દ્વારા તેઓનાં સ્વરચિત, કાવ્યો/ગઝલો રજૂ કરવામાં આવ્યાં, જેને સર્વેએ દાદસહે મનભેર માણ્યાં.

**ગુજરાત સાહિત્ય અકાદમી દ્વારા યોજનાકીય જાહેરાતમાં :**

♥ શ્રેષ્ઠ પુસ્તક પારિતોષિક માટે, વિવિધ સાહિત્ય સ્વરૂપોનાં તા. ૧-૧-૨૦૧૨થી તા. ૩૧-૧૨-૨૦૧૨ સુધીમાં પ્રગટ થયેલાં મૌલિક પુસ્તકો મંગાવેલ છે, જે તા. ૩૧-૮-૨૦૧૩ સુધઈમાં મોકલવાનાં રહેશે

♥ શિષ્ટમાન્ય, ઈતિહાસ, તત્ત્વજ્ઞાન, વિજ્ઞાન, કલા, ભાષાસાહિત્ય, વિવેચન તેમજ સંશોધનને લગતા સાંસ્કૃતિક ભૂમિકા ધરાવતા ગ્રંથો અને અભ્યાસ લેખોનાં સંગ્રહોનાં પ્રકાશન માટે રૂા. ૧૦,૦૦૦/ સુધીની સહાય આપવામાં આવે છે, જે માટે આવેદનપત્ર સાથે હસ્તપ્રસી મોકલવાની રહેશે.

♥ નવોદિત સાહિત્યકારોને સર્જનાત્મક સાહિત્યકૃતિ પુસ્તક પ્રકાશન માટે રૂા. ૧૦,૦૦૦/ - સુધીની પ્રકાશન સહાય આપવામાં આવે છે, જે માટે બે હસ્તપ્રત વ્યવસ્થિત ફાઇલ કરીને મોકલવાની રહેશે.

♥ મૌલિક બાલસાહિત્યને ઉત્તેજન આપવા, આ વિષયના લેખકોને રૂા. ૫૦૦૦/- સુધીની પ્રકાશન સહાય આપવામાં આવે છે, જે માટે આવેદનપત્ર સાથે હસ્તપ્રત મોકલવાની રહેશે.

♥ અનુવાદ સહાય યોજના હેઠળ, અનુવાદકોને પુસ્તક પ્રકાશન માટે રૂા. ૧૦,૦૦૦/- સુધીની સહાય આપવામાં આવે છે, જે માટે આવેદનપત્ર સાથે હસ્તપ્રત મોકલવાની રહેશે.

ઉપરનાં આવેદનપત્રો ટપાલથી કે રૂબરૂ અકાદમી કાર્યાલયના સરનામેથી મેળવીને, તા. ૩૧-૮-૨૦૧૩ સુધીમાં હસ્તપ્રતની જરૂરી નકલો સાથે મોકલવાનાં રહેશે.

**કાવ્ય સેતુ**

**ચાલો**

ચાલો મળીને વહેંચી લઈએ.
દુઃખ હશે તો હળવું થાશે
સુખ હશે તો ગુણાઈ જાશે.
ચાલો મળીને ફેંકી દઈએ
દ્વેષ હશે તો પ્રેમ નિતરશે
વેશ હશે તો મહોરું ખરશે.
ચાલો સહુ મળીને રંગે રમીએ
મારો રંગ તમને લાગે
તમારો રંગ મે ભીંજવે
સલાડ મટીને સૂપ બની જઈએ.
ચાલો સુખદુઃખ વહેંચી લઈએ
વેશ-દ્વેષને ફેંકી દઈએ
એકબીજામાં ઓગળી જઈએ.

- **મહેન્દ્ર પુરોહિત**

**પવિત્ર મંદિર**

સાસુ બને, માતા મમતામયી
વહુ બને પુત્રી લાડકવાયી
ઈર્ષાય સ્વાર્થવૃત્તી ભાગે ઘર છોડી
ગૃહસ્થાશ્રમ બની જાય પવિત્ર મંદિર

**સ્નેહસંબંધ**

દિયર ભોજાઇ જે બન્યા માને દિકરો
સ્નેહાળ સંબંધે બંધાયા પવિત્ર પ્રેમથી
ભાભી દિયર સ્નેહે રંગાય હોળી દિને
અલૌકિક પ્રેમ થકી માણે સ્નેહ બંધન

- **ઇશ્વરલાલ દેવશંકર જોષી**

**ધરમના નામે ઢોંગ**

ધર્મ, શિક્ષણ, રાજકારણને બનાવી દીધો છે વેપાર
ધરના નામે પાખંડી થકી ખોટા ઢોંગ રચાય
મર્મ બાવાનો સમજ્યા વિણ,ભોળ લોક છેતરાય
શિક્ષક ખાનગી ટ્યુશન કરી ધન ખૂબ કમાય
ક્ષતિ પરીક્ષામાં કરી વિદ્યાર્થીને અન્યાય ખૂબ કરાય
ઋણ સમાજનું ચૂકવવાનું આજ તેમનાથી ભૂલી જવાય
રાષ્ટ્રને ધોળા ઉંદરડાઓ ફૂંકી ફૂંકીને ફોલી ખાય
જન્મથી મરણ સુધી પ્રજાનું લોહી ખૂબ ચૂસાય
કામ કાળા કરતાં, સફેદ ખાદીનાં વસ્ત્રો પહેરાય
રહી એ.સી. બગલાંમાં ખૂબ મોજ ઉડાવાય
ચણ ચણવામાં લાંચ થકી ન કશું બાકી રખાય
નેક ને ટેક, સત્યને અહિંસાના નશામાં ભૂલાય
બની પ્રધાન લાલ લાઇટવાળી ગાડીમાં ફરાય
ના ચિંતા ગરીબ પ્રજાની જયારે દિલમાં કરાય
વીજલીને વેરણ બનાવી ખેડૂતની આંખમાં આંસુ લવાય
દીન બન્યો હીન આજ દયા દિલમાં ન રખાય
ધોરણ નીતિ નિયમોનાં આજ નેવે મૂકાય
છે ખબર મતદારને એટલી કે ચૂંટણી પહેલાં દેખાય
વેરઝેરના ગામે ગામ વાવતર કરાય
પારકી પંચાતમાંથી ન જરાયે નવરા પડાય
'રવિ' એ બતાવ્યા ઉત્મ વેપાર, ચતુર કરો વિચાર

- **રવિ પટેલ**


**॥ શ્યામ વિના કેમ રહીએ ॥**

શ્યામ વિના કેમ રહીએ સહીયર મોરી...
શ્યામ! ગંગા જમનાના નીર ઓછા પડ્યાં શું?
આખે આખો દરિયો સંગ લીધો... શ્યામ વિના...
બચપણમાં ગોદડીની ગાંઠો વાળી તી...
રમતો રમીતી રાતભર કેમ કરી ભૂલી જઈએ... શ્યામ વિના...
રમ્યા'તા રાસ કાન ગોપી, શ્યામ સંગ ઘડીએ ઘડીએ...
આજ રઝળી વનરાવાટે, થાકી લોથપોથ થઈએ... શ્યામ વિના...
શ્યામ વિના સૂઝે નહીં ઘડીએ, કયાં જઈ ઠરીએ...
રંજાડનો રોજરોજ, એવો ઠપકો કોને જઇ કહીએ... શ્યામ વિના...
શ્યામ વિના ગોકુળ ગાંડુ, રોઈ રોઈ આંખ્યું ભરીએ...
વાંસળીના સૂર વિના, રાધાને કેમ કરી સાદ દઈએ... શ્યામ વિના...
સૂના જોડીના માળીયા, સૂના ગોકુળના દૂપીયા...
શ્યામ વિના શ્વાસ નહીં, તો કોનો વિશ્વાસ અમે કરીએ...
- શ્યામ વિના કેમ રહીએ...

- **રચના : રમણલાલ એમ. શ્રીમાળી**

# અક્ષર એ તો જીવન દર્પણ છે

## પોઝિટિવ થિન્કિંગ
યશવંત કડીકર



જીવન અભિવ્યક્તિ છે. માનવી સામાજિક પ્રાણી છે અને અભિવ્યક્તિના આધારે જ ચાલે છે. બીજી વાત એ છે કે અભિવ્યક્તિ માનવમનની લાલસા પણ છે. દરેક માનવી પોતાને અભિવ્યકત કરવા માગે છે. એટલે અભિવ્યકિતના ક્ષેત્રમાં આટલો વિકાસ થયો છે. સંચાર-માધ્યમો અને સમાચાર-પ્રસારણ ક્ષેત્રનો વિકાસ અભિવ્યક્તિને કારણે જ થયો છે. એને બીજા અર્થને જાણવાની લાલસા પણ કહી શકાય, પરંતુ અભિવ્યક્તિ પોતે વ્યક્તિપ્રધાન હોવાથી દરેક વ્યક્તિ માટે મહત્વની છે.

દુનિયામાં ભાષા જ અભિવ્યક્તિનું મૂળ માધ્યમ છે. દરેક પ્રદેશની પોતાની માતૃભાષા છે. જે એ જમીનની પ્રકૃતિની સાથે અનુકૂળ છે. જુદીજુદી કલાઓ અભિવ્યક્તિ માટે વિકાસ પામી છે. આ સામાજિક-અભિવ્યક્તિનું માધ્યમ છે. એક અભિવ્યક્તિ માનવીના પોતાના મનની હોય છે. તે એના વ્યક્તિત્વની ઓળખ કરાવે છે. આ માટે પણ દુનિયાભરમાં કેટલીયે ધારણાઓ પર કામ થયું છે. આપણાં આ સામૂહિક શાસ્ત્ર માનવીના ગુણદોષને અનેક રીતે અભિવ્યક્ત કરે છે. વ્યક્તિ જે પણ કંઈ કરે છે. એમાં એનું વ્યક્તિત્વ જોડાયેલું રહે છે. એના શરીરનું હલનચલન, બોચ-ચાલ, વિચાર- આ બધું એના વ્યક્તિત્વનો પરિચય કરાવે છે. એ કામ કરતો રહે છે અને કામ પર એનું અવચેતન છવાયેલું રહે છે.

એક એવી માન્યતા પણ પણ છે કે વ્યક્તિત્વ સમય સાથે બદલાય છે. વિચાર બદલાય છે, શરીરની શક્તિ બદલાય છે, શક્તિમાં ચઢાણ-ઉતરાણ આવે છે, ગ્રહોની અસર બદલાય છે, હાથની રેખાઓ બદલાય છે, કર્મ બદલાય છે, ભાગ્ય બદલાય છે, આ પરિવર્તનને સમજવાની જરૂરત છે. કારણ કે, સમાજમાં વ્યક્તિત્વનું સ્વરૂપ બદલાઈ જાય છે. અનુભવી લોકો ફક્ત ચહેરો જોઈને વ્યક્તિત્વનું અનુમાન કરી લેતા હોય છે.

આજનો સામાજિક માહોલ એટલો બદલાઈ ગયો છે કે વ્યક્તિની જાણકારી પહેલેથી જ વધુ મહત્વપૂર્ણ થઈ ગઈ છે. નોકરીનો જમાનો છે. ભરતી વખતે કેવી રીતે ખબર પડે કે કોણ વ્યક્તિ કેવી નીકળશે? આપણી ભલામણ એક રસ્તો હોઈ શકે, પરંતુ નોકરીઓ એટલી જાતની અને જટિલ પ્રણાલિકાવાળી થઈ ગઈ છે કે એક વ્યક્તિ અનેક મુશ્કેલીઓ પેદા કરી શકે છે, ગુનેગાર પણ હોઈ શકે. વેપારી લેણદેણમાંથી, દોસ્તી વધારવામાં, સંબંધ બાંધવામાં વ્યક્તિની સાધારણ ઓળખ મહત્વની હોય છે. આજે ઘરની બહાર પણ જીવનવ્યવહાર કરવો એ સાધારણવાત થઈ ગઈ છે.

ઈટાલીના કેમીલો બાલ્દીએ સોળમી સદીની શરૂઆતમાં આ તથ્ય પહેલી વાર જાહેર કર્યું કે હાથથી જે લખવામાં આવે છે. તે ખૂબ જ વિસ્તારથી વ્યકિત્વનું દર્પણ હોય છે. ૧૮મી સદીમાં આ લખાણ પર યોજનાબદ્ધ કાર્ય શરૂ થયું. ફ્રાંસમાં અનેક લોકોનાં લખાણો એકઠાં કરવામાં આવ્યાં. આ વિવિધ સાહિત્ય ઉપલબ્ધ છે, તે જોઈને કહી શકાય છે કે લખાણનો વૈજ્ઞાનિક કે મનોવૈજ્ઞાનિક અભ્યાસ કરી શકાય છે. વ્યક્તિની ઉંમર સિવાય બધી જાણકારી લખાણ ઉપરથી મળી શકે છે. એટલું જ નહીં, આજ તો લખાણ માંદગીનું નિદાન અને એની સારવાર માટે પણ ઉપયોગી થવા લાગ્યું છે. ખાસ આધાર વગર આ કાર્ય સંભવિત નથી થી શકતું. બાળકોને નાની ઉંમરમાં જ ઠીક કરી શકાય છે. ગુના પહેલાં જ વ્યક્તિની ઓળખ થઈ શકે છે.

લખાણની પદ્ધતિ એક તો સગવડ પ્રમાણે હોઈ શખે છે. સમયની સાથે આવેલા પરિવર્તનને પણ નિશ્ચિંત રીતે જાણી શકાય છે, કારણ કે, લખાણ એ વ્યક્તિની માનસિક ધારણા સાથે સંકળાયેલું છે. એટલે એમાં વ્યક્તિના ચરિત્રનું પૂર્ણ પ્રતિબિંબ દેખાય છે.

લખતાં શિખવાડવામાં આવે છે, ત્યારે તો બધાં બાળકોને એકસરખું શિખવાડવામાં આવે છે. સમય જતાં વ્યક્તિના વિકાસ સાથે લખાણ અલગ થતું જાય છે. લખાણ એ અજાણતાં પણ અભિવ્યક્તિ કરાવે છે. એટલે વ્યક્તિની બુદ્ધિ કલ્પનાશક્તિ, ભાવનાત્મક વિધેય, ચિંતા, ઉત્સાહ, સામાજિક વ્યવહાર, સર્જનશીલતા, કાર્ય કરવાની શક્તિ વગેરે બધાં લક્ષણો એમાં જેમ-તેમ જ સમાઈ જાય છે. વ્યક્તિના વિકાસનો પૂરો ઈતિહાસ લખાણમાંથી જોઈ શકાય છે.

લખાણની એક બીજી પણ વિશેષતા છે. એની નકલ નથી થઈ શકતી. તે પૂર્ણ રીતે વ્યક્તિગત હોય છે. એટલે લખાણને વ્યક્તિત્વ જ માનવામાં આવે છે. એના ચિંતનની કક્ષા અને ચરિત્રના બધા ગુણ સ્પષ્ટ જોઈ શકાય છે.

લખાણને સાંકેતિક ભાષા પણ કહી શકીએ. જીવનના બધા અનુભવ એમાં અંકિત થાય છે. ચેતન અને અચેતનનું પ્રતિબિંબ એટલે કહેવાય છે, કે અચેતનનો સાંકેતિક પ્રભાવ લખાણમાં જોવા મળે છે. દરેક સંકેતનો એકબીજા સંકેતના સંદર્ભમાં અભ્યાસ કરવામાં આવે તો ઘણી માહિતીઓ મળી શકે એમ છે. લખાણની લયબદ્ધતા જીવના લયની સૂચના આપે છે. લખાણનાં સૂક્ષ્મબિંદુ જીવનની સૂક્ષ્મ અવસ્થાઓની જાણકારી આપે છે. લાઈનો, વક્રતા વગેરે જીવનની મહત્વાકાંક્ષાઓને પરિલક્ષિત કરે છે, જીવનમાં વિષયોની ગ્રહણશીલતાની સૂચક હોય છે. વ્યક્તિની ક્ષમતાની જાણકારી આપે છે.

જીવનનાં પરિવર્તનોની, દૃષ્ટિકોણના પરિવર્તનની જાણકારી, શારીરિક થાકની સૂચનાઓ અને વ્યાવહારિક કુશળતામાં થયેલાં પરિવર્તન લખાણમાં જોવા મળે છે. વ્યક્તિમાંની અપરાધી વૃત્તિના અનેક સંકેત લખાણમાંથી મળી શકે છે. પોલીસ માટેનું લખાણ એક મોટું સાધન બની ગયું છે. એક જાતના સંકેત જો લખાણમાં વારેવારે જોવા મળે છે, તો મોટો અપરાધી પણ હોઈ શકે છે. હોટલના રજિસ્ટરમાં નામ લખતાં જ ખબર પડી જાય છે કે કઈ વ્યક્તિ રહેવા માટે આવી છે.

લખાણની સાઈઝ, વાંકીચૂંકી લાઈનો, લાઈનો અને શબ્દોની બનાવટ, એ બંને વચ્ચેનું અંતર, લખાણની શક્તિ, ગતિ, લય, હાંશિયા ઉપરનો ભાગ, નીચેના ભાગની બનાવટ, એનો અર્થ- એ બધાંનું પોતાનું મહત્વ હોય છે. છેવટનાં કવર ઉપરનાં લખાણો પણ હસ્તાક્ષરોની જેમ મહત્વનાં થઈ જાય છે. જેમ કે પત્ર મળતાં જ મજનુને પ્રેમીના પત્રની જાણ થઈ જાય છે.

# ...પોલીસ ખાતાની નોકરી કરતાં કરતાં પણ માનવ - સેવા તથા સંસ્કારી આત્માનું યોગ્ય ઉદાહરણ પુરૂં પાડ્યું

## રેલ્વે પોલીસમેન – પુના સંસ્કાર દર્શન

- અનંત ન. વ્યાસ

સરકારી નોકરી અને તેમાંય પોલીસખાતાની વાત ન પૂછો. આમ તો સરકારી બાબુઓની મથરાવટી મેલી પણ તેમાંય આ ખાતુ. મેળી મથરાવતી માટે જાણીતું આમ છતાં ખારા - સમુદ્રમાં વીરડી હોય તેમ આ ખાતામાં માનવતાની સમજ ધરાવતા, નેક, પ્રામાણિક અને સંસ્કારી સત-પુરૂષોનો વાસ પણ હોય છે. આવો એક કિસ્સો મને જાણવા મળેલો. જે નીચે આપ્યો છે.

ત્રણ દિવસથી આંધી સાથે સતત વરસાદ વરસતો હતો. ચારે બાજુ પાણી ભરાઇ ગયેલા. રેલ્વે લાઇન પર પાણી ફરી વળેલા. ઉઘાડ થતાં લાઇન-મેનો લાઇન તપાસવા નીકળી પડ્યા. તેમાંથી કોઇએ આવીને રેલ્વે પોલીસને જાણ કરી. લાઇનની બાજુમાં ઝાડીમાં માનવ દેહ પડ્યો છે.


તસ્વીર : પ્રતિકારાક રૂપે છે

પુના રેલ્વે પોલીસે તપાસનું કામ જમાદાર કત્રેને જ સોંપ્યું. સ્થળ પર તપાસ કરી તો લાશ સડી ગેયલી. ભિંજાઇ ફુલાઇ ગયેલી. કાગડા - કુતરા પણ ખાઇ ગયેલા. નજીકના ઝાડ પર એક શાલ જોવા મળી. કોઇને કોઇ મુસાફર ઝડપથી જતી ગાડીમાંથી ફેંકાઇ ગયો હશે. દેહ લાવવામાં આવ્યો. તપાસ કરતાં પેન્ટનાં ખીસ્સામાંથી ભિંજાયેલી કોલેજનું ઓળખ કાર્ડ મળ્યું. મરનાર કોલેજનો વિદ્યાર્થી છે. તેટલું નક્કી થયું. પોલીસે સ્થાનિક છાપામાં ખબર આપી. કામ પુરૂં કર્યું.

ત્રણ-ચાર દિવસ કોઇ તપાસ કરવા ન આવ્યું ત્યારે આ બિન-વારશી લાશનો નિકાલ કરવાનું કામ પણ કત્રેને જ સોંપાયું. દેહની આખરી તપાસમાં જનોઇનાં તાંતણો દેખાયો. તુરત મનમાં વિચાર થયો કે આ તો બ્રાહ્મણ યુવાન લાગે છે. પોતે પણ છે તો બ્રાહ્મણ. આનો તો વિધિસર સંસ્કાર થાય તો સારૂં. વળી કયાં હશે આનું કુટુંબ. માતા-પિતા દીકરો અભ્યાસ માટે ગયો છે. તેમજ માનતા હશે ને...

તેઓને આ ખબર તો આપવા જ પડે. આ લોકો આ બાજુના નથી. સ્થાનિક - છાપા તો કાયં મળે? તેની વિચાર પરંપરા જાગી. પોલીસ ખાતાની ઉપરછલ્લી કઠોરતા પીગળી ગઇ. સંસ્કારી બ્રાહ્મણનો આત્મા જાગી ઊઠ્યો.

ઓળખપત્ર નાગપુરની એક કોલેજનું હતું. જમાદાર ઉત્રેએ નાગપુર જઇ તપાસ કરી. કોલેજમાંથી તેને યુવાનનું મુંબઇનું સરનામું મળ્યું. નાગપુરથી એ મુંબઇ આવ્યો. ઘણી મહેનત કરી મકાન શોધ્યું. દરવાજો ખખડાવ્યો. યુવાનના પિતાએ દરવાજો ખોલ્યો. પોલીસને જોઇ તેને નવાઇ લાગી કત્રેએ પોતાની ઓળખ આપી યુવાન વિશે પુછપરછ કરી. પછી કહે, 'તમારા પુત્રને નાનકડો અકસ્માત નડ્યો છે. પુના રેલ્વે હોસ્પિટલમાં છે. તમે મારી સાથે ચાલો.'

પુત્રને અકસ્માત નડ્યો છે તેવા સમાચાર સાંભળી પિતા વિહ્વળ થઇ ગયા. એ ઝટપટ તૈયાર થયા કત્રે તેઓને લઇ પુના આવવા નીકળ્યાં રસ્તામાં તેણે સત્ય હકીકત જણાવી. સ્વસ્થ રહેવા વિનંતી કરી. હોસ્પિટલે આવ્યાં ત્યાં પિતા સ્વસ્થ થઇ ગયેલાં. હવે કત્રેએ તેને અંતિમ વાસ્તવિક સ્થિતિ જણાવી ને કહ્યું, 'દેહને તમે જોઇ શકો તેવો નથી. આવી સ્થિતિમાં મુંબઇ લઇ જવાનો આગ્રહ ન કરશો. અહીં જ શાસ્ત્રોક્ત વિધિ પ્રમાણે અગ્નિદાહની તમામ વ્યવસ્થા કરવામાં આવી. એટલું જ નહીં એ વૃદ્ધ પિતાને મુંબઇ તેના ઘર સુધી પહોંચાડવાનું કામ પણ કત્રેએ જ બજાવ્યું. પોલીસ ખાતાની નોકરી કરતાં કરતાં પણ માનવ - સેવા તથા સંસ્કારી આત્માનું યોગ્ય ઉદાહરણ પુરૂં પાડ્યું.'